ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરમાં આજે ગીતા જયંતિ ભાવપૂર્વક ઉજવાશે

## શહેરમાં ઘરે ઘરે ગીતાના શ્લોકનું પઠન કરાશે જયારે ઓનલાઈન ગીતા પર પ્રવચનો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

આજે ૨૫ ડિસેમ્બર જે ખ્રિસ્તી વર્ષમાં ક્રિસમસ તરીકે ઉજવાય છે. સાથે સાથે આજે હિંદુઓ માટે ગીતા જયંતિ પણ છે. આજે માર્ગ શ્રેષ્ઠ શુક્લ પક્ષની એકાદશી છે જે ગીતા જયંતી તરીકે ઉજવાય છે. ગીતા એટલે ગાવું પ્રેમ કહેવાય છે. આજે ગીતા જયંતિ નિમિત્તે શહેરના ઘરે ઘરે ગીતાના શ્લોકનું પઠન કરીને ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે લોક ડાઉનના સમયમાં ઘણા વાચક માતા-પિતાને ભગવદગીતાનું પૂરેપૂરું અધ્યયન કરવાનો સમય મળી ગયો છે ત્યારે શહેરની શાળાઓમાં નાતાલની ઉજવણી ઓનલાઈન કરવામાં આવશે અને શહેરના ઘરોમાં માતા-પિતા દ્વારા બાળકોને ભાગવત ગીતાનું મહત્વ સમજાવવામાં આવશે.

આમ તો નાતાલ એટલે ખ્રિસ્તી વર્ષમાં આવતો ખ્રિસ્તીઓનો તહેવાર અને આ તહેવાર શહેરની દરેક શાળામાં ઉજવાતો હોય છે. સાથે સાથે હિન્દુઓનો તહેવાર ગીતા જયંતી વિશે ઘણા ઓછા બાળકોને ખ્યાલ હોય છે તો આ બાબતને ધ્યાનમાં લઈને શહેરના ઘણા પેરેન્ટ્સ દ્વારા પોતાના બાળકોને ભગવદ ગીતા વિશે ખ્યાલ આપવાનો દ્રઢ નિશ્ચય કરવામાં આવ્યો છે. શહેરના અમુક પરિવારમાં તો બાળકો સાથે બેસીને ગીતાના અમુક શ્લોકનું પઠન પણ કરવામાં આવનાર છે. કહેવાય છે કે કુરુક્ષેત્રના મેદાનમાં જયારે મહાભારતનું યુદ્ધ થતું હતું ત્યારે અર્જુન પોતાના સગાવાલાને જોઈને વિચલિત થયા યુદ્ધ કરવાની ના પાડી ત્યારે મનુષ્ય ધર્મ અને કર્મનો ઉદેશ સમજાવવા માટે ભગવાન યોગેશ્વર શ્રીકૃષ્ણના મુખમાંથી ભગવદ ગીતા નો જન્મ થયો. ૫૧૪૦ વર્ષ પૂર્ણ થયેલ ભગવદગીતાના જન્મ વખતે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ૭૦૦ શ્લોક અને ૧૮ અધ્યાયનું નિર્માણ કરવામાં આવ્યું. આમાં ૧ થી ૬ અધ્યાયમાં કર્મયોગ ૬થી ૧૨માં ભક્તિ યોગ, અધ્યાય ૧૩ થી૧૮માં જ્ઞાનયોગ નું વર્ણન કરવામાં આવ્યું છે.

ગીતા જયંતી ની ઉજવણી કેવી રીતે કરવી વિશે વાત કરતાં શહેરના જ્ઞાન ધરાવનાર શહેરીજનો જણાવે છે કે, આ દિવસે ભગવત ગીતાના શ્લોક નું પારાયણ કરવું અર્જુન અને શ્રીકૃષ્ણ અને ધ્યાનમાં લઈને જિંદગીના ધનુર્ધર બનીએ તેવો સંકલ્પ કરવો આપણા જીવન શરૂઆત કરીએ અને ગીતા જયંતીના દીવસે આપણી માતા ગીતાજી આપણી શકિત વિશ્વાસ શ્રધ્ધામાં વધારો કરે અને આપણને સાહસિક બનવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના કરીએ.



### શ્રીમદ્ ભગવદગીતા દરેક જીવનું મંગળ કરનાર માતૃસ્વરૂપા છે - ગુરૂમા

### ગીતાજયંતિ નિમિત્તે ગુરૂમાનો સંદેશ

પરમ પાવની શ્રીમદ ભગવદગીતા દરેક જીવનું મંગળ કરનાર માતૃસ્વરૂપા છે. યુગો પૂર્વે સાક્ષાત પરમાત્માના શ્રીમુખેથી સરેલી ગીતા આપણા માટે જીવન ઉદ્ધારક છે. ગીતાના માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણ આજે પણ આપણી સાથે શબ્દદેહે શ્વસી રહ્યા છે, વિલસી રહ્યા છે. ગીતાજીનું માહાત્મ્ય અનેરું અને આંકી ન શકાય તેવું અમુલ્ય છે. તેના એક શ્લોકના એક પાદનું પણ ઉચ્ચારણ પુણ્યદાયક છે અને તેમાંય અર્થગ્રહણ સાથેનું ઉચ્ચારણ જીવન પરિવર્તક છે.

શ્રીમદ્ ભગવદગીતા ધર્મગ્રંથની સાથે કર્મગ્રંથ પણ છે. કર્મોથી ભરેલા મનુષ્યજીવન માટે પથપ્રદર્શકનું કાર્ય કરે છે. જીવની તમામ સમસ્યાઓનું સમાધાન ગીતાજીમાં હસ્તગત છે. અર્જુનને નિમિત્ત કરીને ભગવાન આપણી પડખે ઉભા રહી આપણને જ્ઞાન અને બળ પૂરાં પાડે છે. કર્મ-ભકિત-જ્ઞાનના સોપાનો થકી જીવનની સાર્થકતા અને ધન્યતાની અનુભૂતિ કરાવે છે. ગીતાજીમાં ભગવાન અનેક સ્વરૂપે પ્રગટ થયા છે. જેમાં સખ્ય, ગુરુ, ભકતવત્સલ ઈશ્વર, કુશળ યોદ્ધા, સચોટ સલાહકાર. ભગવાને તેમના હસ્તમાં ધારણ કરેલી સોટી આપણને શિસ્ત અને સંયમના પાઠ શીખવે છે તો યુધ્ધક્ષેત્રમાં જ તેમની અમી ભરેલી આંખો કૃખકટાક્ષ આત્મીયતાના દર્શન કરાવે છે તો વળી, અસંગત્વ અને સમત્વ તો ભગવાનના પ્રત્યેક વાણી-વ્યવહારમાં સ્પંદિત થઈ રહ્યા છે.

'ગીતા મેં ઉદયં' કહી ભગવાને ગીતાજીને સર્વોપરી સ્થાન પ્રદાન કર્યું છે. વિશ્વભરમાં કદાચ ગીતાજી જ એવો ગ્રંથ છે જેમની જયંતિ મનાવવામાં આવે છે તેજ તેનું ગૌરવ અને મહિમા પ્રગટ કરે છે. આજના આ પવિત્ર દિને આપ સૌ પણ ગીતાજીને પોતાના જીવનમાં આગવું સ્થાન આપો. જીવન સાથે વણી લો અને હંમેશા પૂજયભાવ કેળવો તેવી શ્રી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના સહ આશીર્વાદ.

## સંસ્કાર ગૃપ દ્વારા નાતાલ પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

સંસ્કાર ગૃપ દ્વારા આજે નાતાલ પર્વ નિમિત્તે નગરના આજુબાજુ વિસ્તારમાં ઝાડ ઉપર આવેલા માનવીના સ્વાર્થરૂપી ખીલીને ઉખાડવાનું કાર્ય કરવામાં આવશે અને તેના ઉપર ગૃપના બાળકો દ્વારા ભીની માટી અને છાણ લગાવીને વૃક્ષની વેદનાને રૂઝવવાનો પ્રયત્ન કરવામાં આવશે. કાર્યક્રમ સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન યોજાશે. સંસ્થાના સંચાલક તુષારભાઈ દવે દ્વારા સર્વે બાળકોને સુવિધા પાસેના સે-૭ બગીચા ખાતે હાજર રહેવા જણાવાયું છે.




જાણીતા ચિત્રકાર રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ શ્રીમાળીનું સન્માન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. મેયર રીટાબેન પટેલે પ્રશસ્તિપત્ર આપી તેમનું સન્માન કર્યું હતું.

# અડાલજથી બે બોગસ કોલ સેન્ટર ઝડપાયા

## એકમાં વિદેશી નાગરિકોને લોન આપવાની લાલચ આપી ફસાવવામાં આવતા હતા : બીજામાં કોલગર્લ સર્વિસના નામે ગ્રાહકોને લલચાવી નાણાં પડાવાતા હતા : એલસીબી પોલીસે બંને કોલ સેન્ટર પરથી પાંચ આરોપીઓ સાથે ૧.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં બોગસ કોલ સેન્ટર ઝડપવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. આજે એલસીબી પોલીસે અડાલજ ખાતેથી વિદેશી નાગરિકોને લોભામણી સ્કીમો આપવાનું અને કોલગર્લ સર્વિસ પુરી પાડવાની લોભામણી વાતચીત કરી છેતરપીંડી કરતા બે કોલ સેન્ટર ઝડપી પાડયા છે. પોલીસે આ કાર્યવાહીમાં લેપટોપ, મોબાઈલ ફોન સહિત અન્ય ઈલેકટ્રોનિકસ ઉપકરણો સહિત કુલ ૧.૬૭ લાખનો મુદ્દામાલ અને પાંચ આરોપીઓને ઝડપી લીધા છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ મહનિરીક્ષક અને પોલીસ અધિક્ષકની સૂચનાથી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર જે.જી. વાઘેલા દ્વારા અડાલજ ખાતેથી બોગસ કોલસેન્ટર ચાલતા હોવાની માહિતી મેળવી સફળ રેડ કરી હતી. પહેલી રેડમાં અડાલજ ખાતેના દેવનંદન પરીસર-૨માં ફ્લેટ નંબર એ-૧૦૪માંથી ગ્રાહકોને અમેરીકાની સ્પીડી કેશ સર્વિસ લોન કંપનીમાંથી લોન આપનાર કંપનીની ઓળખ આપી અમેરિકન નાગરિકોને 'સેકન્ડ લાઈન' એપ્લિકેશન મારફતે અમેરિકાનો નંબર ડિસ્પ્લે કરી કોલ કરવામાં આવતો હતો અને કોલ કરી લોન આપવાના બહાને ઈન્ટરનેટના માધ્યમથી પેડ સર્વિસના નામથી નાણાં પડાવવામાં આવતું પેય ડે નામનું કોલ સેન્ટર ઝડપી લીધું હતું. આ કોલ સેન્ટર ખાતેથી ૩ આરપીઓ સાથે ૪ મોબાઈલ્સ અને બે લેપટોપ તથા ટીપીલીંક કંપનીનું રાઉટર નંગ-૧ સાથે



સ્ક્રીપ્ટ લખેલ નોટબુક સહિત રૂ. ૬૦,૫૦૦નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો.

અડાલજ ખાતે વધુ એક રેડમાં પાર્શ્વનાથ હોમ્સ મકાન નં.૪૦માંથી ગ્રાહકોને સ્કાયપી એપ પર છોકરીઓના ફોટા તથા વિડીયો મોકલી લલચાવી ફોસલાવી કોલગર્લ સર્વિસ પુરી પાડવાની લોભામણી વાતચીત ચેટ મારફતે કરી કોલગર્લ માટે અલગ અલગ ચાર્જ પેટે પૈસા અકાઉન્ટમાં ભરાવડાવી છેતરપીંડી આચરવામાં આવતી હતી. આ રેડમાં બે આરોપીઓ સાથે મોબાઈલ ફોન નં. ૪ અને લેપટોપ નં. ૩ મળીને કુલ રૂ. ૧.૦૭ લાખનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો.

પહેલા કોલ સેન્ટરમાં ઝડપાયેલા આરોપીમાં હિમાંશુ રમણભાઈ પટેલ, ઉ.વ. ૩૩ અને મિલન ભરતભાઈ પટેલ, ઉ.વ. ૩૧, રહે. સી-૩૦૧ વંદેમાતરમ, ન્યુ ગોતા રાણીપનો સમાવેશ થાય છે જયારે બીજા કોલ સેન્ટરમાં ઝડપાયેલા આરોપીઓમાં અભિષેક રાજકુમાર શર્મા, ઉ.વ. ૨૬, રાજસ્થાન, મુકેશ સુભાષચંદ્ર શુકલા, ઉ.વ. ૨૮, ગોરખપુર-ઉત્તરપ્રદેશ અને દીપક કૃપાશંકર મિશ્રા, ઉ.વ. ૨૬, મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

## વાગદત્તાને હેરાન કરી બિભત્સ માંગણી કરનારનું કાસળ કાઢી નાંખ્યું

### કલોલના પાનસર ગામના સ્મશાન પાસેથી મળેલી લાશનો ભેદ ઉકેલતી ગાંધીનગર એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં એક પછી એક ખૂનની વારદાત બની રહી છે જે એક ચિંતાજનક સ્થિતિ છે. આજે કલોલ તાલુકાના પાનસર ગામના સ્મશાન પાસે તિક્ષ્ણ હથિયાર વડે એક યુવકની ચાર દિવસ પહેલા મળી આવેલી લાશનો ભેદ ઉકેલતા ગાંધીનગર એલસીબીએ મૃતક યુવકનું ખૂન કરનાર ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા.

કલોલ તાલુકાના પાનસર ગામના સ્મશાન પાસે મોખાસણ રોડ પરથી એક રીક્ષામાં તા. ૨૦મી ડિસેમ્બરે એક યુવક નામે અશોકજી સગરામજી ઠાકોરના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઘા કરીને મોત નિપજાવેલ હાલતમાં તેની લાશ મળી આવી હતી. એલસીબી પોલીસ ઈન્સ્પેકટર જે.જી. વાઘેલા દ્વારા આસપાસના સીસીટીવી ફુટેજ તથા ટેકનિકલ ટીમના હેડ કોન્સ્ટેબલ કેતનકુમારની વૈજ્ઞાનિક તપાસના આધારે પ્રાપ્ત થયેલ માહિતી તથા ગ્રાઉન્ડ સર્વેલન્સ સાથે ચોકકસ બાતમી મેળવી ત્રણ આરોપીઓ નામે રાહુલ બેચરજી ઠાકોર રહે. સોનીપુર રોડ-રાંધેજા, વિપુલ વેલાજી ઠાકોર રહે. તા. દિયોદર, અજમલજી ઉર્ફે જેણો રમેશજી ઠાકોર રહે. મોખાસણ તા. કલોલને ઝડપી લીધા હતા. જે પૈકી એક આરોપી નામે રાહુલ બેચરજી ઠાકોર જેઓ રાંધેજાના સોનીપુર રોડ પર મેલાભાઈ પટેલના બોર પર રહેતો હતો જેના સગપણ ભાદોલ ગામે રહેતી એક યુવતી સાથે થયા હતા. આ યુવતીએ રાહુલને મૃતક અશોકજી સગરામ ઠાકોર અવારનવાર હેરાન કરી બિભત્સ માગણીઓ કરતો હોવાની ફરિયાદ કરી તેને ઠપકો આપવા જણાવ્યું હતું જેથી રોષે ભરાયેલા રાહુલે તેનું ખુન કરવાનું નક્કી કરી તેના મિત્ર વપુલ વેલાજી ઠાકોર અને અજમલજી સાથે મળી પ્લાન ઘડયો હતો. અધુરામાં પુરું આ મિત્રોને પણ અશોકજી ઠાકોર સાથે જુની અદાવત હોવાથી તેઓ આ કામમાં સાથ આપવા તૈયાર થયા હતા અને ત્રણેયે મોટરસાયકલ પર પાનસર જઈને વિપુલ ઠાકોરે ફોન કરીને અશોકજીને વિશ્વાસમાં લઈ મોખાસણ રોડ પર બોલાવ્યો હતો. અશોકજી રીક્ષા લઈને આવતા ત્રણેયે તેને પકડી પાછળની સીટમાં બેસાડીને પાનસરના સ્મશાન પાસે લઈ ગયા હતા જયાં રસ્તામાં વિપુલ ઠાકોરે અશોકજીના ગળે તિક્ષ્ણ છરાના ઉપરાછાપરી ઘા કરીને તેનું ખૂન કર્યું હતું અને આરોપીઓ રીક્ષા સાથે તેને રોડસાઈડ મુકીને નાસી ગયા હતા.

# મહિલા પોલિસીંગને મજબૂત બનાવવા કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા, પોલીસિંગ અને રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રે ભારતની એક જાહેર યુનિવર્સિટી છે.

ડાયરેકટોરેટ ઓફ એકસ્ટેંશન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ, રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટી દ્વારા સિનર્જિયા ફાઉન્ડેશનના સહયોગમાં ૨૩ મી ડિસેમ્બર ૨૦૨૦એ 'મહિલા પોલિસિંગને મજબૂત બનાવવી : ખાલી જગ્યા પુરી કરવી' વિષય પર ઉચ્ચ સ્તરીય વર્ચુઅલ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાતના વિજિલન્સ કમિશનર, સંગીતા સિંઘ, જે તાજેતરમાં રાજયના એડિશનલ મુખ્ય સચિવ (ગૃહ) તરીકે નિવૃત્ત થયા હતા તેમણે મહિલા પોલીસ અધિકારીઓના સશકિતકરણ માટે ગુજરાત રાજયમાં હાથ ધરવામાં આવેલા પગલાઓ વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

તેમમે આ દરમિયાન જણાવ્યું હતું કે પોલીસ દળમાં મહિલાઓએ મહિલા પીડિતો / સામાન્ય મહિલા નાગરિકોને પોલીસ અધિકારીઓ સાથે જોડાવામાં ખૂબ મદદ કરી છે. પોલીસ દળમાં મહિલા અધિકારીઓના વધારાને કારણે આપણા સમાજમાં એક નવતર અભિગમ કેળવાયો છે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, પોલીસ પોલીસ દળમાં ૩૩% મહિલા આરક્ષણ એ પોલિસીંગ ક્ષેત્રે 'એજન્ડા સેટિંગ પહેલ' રહી છે. તમામ મહિલા પોલીસ સ્ટેશન, શી ટીમો વગેરે રાજય સરકાર વિભાગ દ્વારા લેવાયેલી અન્ય પહેલ છે જેને કારણે વધુ સારી રીતે પોલીસિંગમાં ફાળો આપ્યો છે.

રાજયમાં મહિલા પોલીસ અધિકારીઓમાં વધારો થતો હોવાથી ગુજરાતમાં યુવક યુવતીઓમાં 'આકાંક્ષાત્મક મૂલ્ય' છે જે હવે રાજય પોલીસ દળોમાં જોડાવાની રાહ જોઈ રહ્યા છે અને તે મહિલા સશક્તિકરણમાં મોટો ફાળો આપે છે.

આ કાર્યક્રમમાં વિવિધ સેવા આપતા અને નિવૃત્ત થયેલા પોલીસ અધિકારીઓ, અમલદારો, શિક્ષણશાસ્ત્રીઓ તેમજ દેશમાં મહિલા પોલીસિંગને લગતી બાબતોના વિસ્તૃત અનુભવ ધરાવતા નિષ્ણાંતોએ ભાગ લીધો હતો.



જીવદયા પ્રેમીઓ અને સેવાભાવીઓ સેવા કરવાની અનોખી રીત શોધી જ નાંખે છે. છેલ્લા ઘણા સમયથી ઠંડીમાં વધારો થયો છે ત્યારે શેરીઓમાં રખડતાં શ્વાનને ઠંડીથી બચાવવા આવા સેવાભાવીએ ઠેર ઠેર કંતાન પાથરી દીધા છે. શ્વાન અને તેના નાના નાના ગલુડીયાંઓ ઠંડીથી બચવા આવા કંતાનમાં હુંફ મેળવી રહ્યા છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. રાવલ રાજેન્દ્રપ્રસાદ ગિરજાશંકર, ઉ.વ. ૬૫, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઈન્દ્રસિંહ રેવુસિંહ સિસોદીયા, ઉ.વ. ૮૦, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. બિહોલા રેખાબેન નરેન્દ્રસિંહ, ઉ.વ. ૩૭, પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિજયકુમાર જસવંતલાલ પંડયા, ઉ.વ. ૫૫, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. નાયી મોહનભાઈ મગનલાલ, ઉ.વ. ૮૧, હાંસોલ, અમદાવાદ
- સ્વ. રાવળ વેલાભાઈ મંગાભાઈ, ઉ.વ. ૭૬, સે-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગર
- સ્વ. ભવાનીશંકર અચલેશ્વર ઓઝા, ઉ.વ. ૬૭, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. રાહુલભાઈ ગોવિંદભાઈ દંતાણી, ઉ.વ. ૧૮, નારદીપુર, તા. કલોલ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ શારદાબેન અરવિંદભાઈ, ઉ.વ. ૬૫, પુંધરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ઓધડભાઈ સામંતભાઈ ભરવા, ઉ.વ. ૬૦, ધોળાકુવા, તા. ગાંધીનગર

# શહેરના ૬૦ રકતદાતાઓ પૈકી ૩૫ના લોહીમાં એન્ટીબોડી મળી આવ્યાં...!!

## આ ૩૫ રકતદાતાઓ પૈકી ૩૪ રકતદાતાઓને તો ખબર પણ નહોતી કે તેમને કોરોના થઈને મટી પણ ગયો : ૫૮ ટકા જેટલાંનો એન્ટીબોડી ટેસ્ટ પોઝિટિવ આવ્યો જે હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ હોવાનું સૂચન તો નથીને?

ગાંધીનગર, તા.૨૪

દિવાળી સમયે ગાંધીનગર સહિત રાજયભરમાં કોરોના કેસોની સંખ્યામાં ચિંતાજનક ઉછાળો આવ્યો હતો જેના પ્રમાણમાં અત્યારે પોઝિટિવ કેસોની સંખ્યા ઘણી ઓછી થઈ રહી છે. જેના કારણે કોરોના કહેરમાં રાહતનો અનુભવ થઈ રહ્યો છે. જો કે અત્યાર સુધીમાં જેટલાં કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે તેના કરતાં ખૂબ મોટી સંખ્યામાં નાગરિકો કોરોના સંક્રમણમાંથી પસાર થઈ ચુકયા છે તેવું એક ચોંકાવનારું અવલોકન શહેરની એક લેબોરેટરીમાંથી પ્રાપ્ત થયું છે. શહેરના સેકટર-૧૬ ખાતેની શ્રધ્ધાદીપ બ્લડબેંકમાં છેલ્લા કેટલાંક સમયમાં રકતદાન કરવા ગયેલા ૬૦ જેટલાં રકતદાતાઓના બ્લડ સેમ્પલ્સનો એન્ટી બોડી ટેસ્ટ કરવામાં આવતાં તેમાંથી ૩૫ જેટલાં રકતદાતાઓના લોહીમાં કોરોના વાયરસના એન્ટીબોડી પેદા થયેલાં હોવાનું માલુમ પડયું હતું જે પૈકી ૩૪ રકતદાતાઓને તો પોતાને ખબર પણ નહોતી કે તેઓ કોરોના સંક્રમિત થઈને પાછા સાજા થઈ ગયાં છે.

શ્રધ્ધાદીપ બ્લડબેંકના મહેન્દ્રભાઈ ગજ્જરના જણાવ્યા અનુસાર તેમની બ્લડબેંકમાં જેટલાં પણ રકતદાતા રકતદાન કરવા આવે તે તમામ રકતદાતાઓનો એન્ટીબોડી આઈજીએમ અને આઈજીજી ટેસ્ટીંગ ફરજિયાત કરવાનું નક્કી કર્યું હતું. આશ્ચર્ય સાથે જે ૬૦ રકતદાતાઓના આઈજીએમ અને આઈજીજી એન્ટી બોડી ટેસ્ટ કરવામાં આવ્યા તે પૈકી ૩૫ રકતદાતાઓના લોહીમાં કોરોનાના એન્ટીબોડી હોવાનું માલુમ પડયું હતું. જેનો સીધો મતલબ એ છે કે ૫૮ ટકાથી વધુ રકતદાતાઓ અગાઉ કોરોના સંક્રમણનો ભોગ બની ચુકયાં છે. રકતદાતાઓને આ બાબતે પુછવામાં આવતાં ૩૫ પૈકી માત્ર એક જ રકતદાતાને ખબર હતી કે તે એકાદ માસ પૂર્વેનો કોરોના પોઝિટિવ થઈ ચુકયો હતો બાકીના ૪ રકતદાતાઓને તો ખબર જ નહોતી કે તેમને કોરોના થઈને મટી પણ ગયો. વધુ તપાસ કરતા ખબર પડી કે આ રકતદાતાઓને એકાદ દિવસ માટે તાવ અથવા શરદી થઈ હતી.

અત્યારે ઠંડી વધવા છતાં કોરોના પોઝીટીવ કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે અને જો આ બ્લડ ટેસ્ટીંગને ધ્યાનમાં લઈએ તો નાગરિકોમાં હર્ડ ઈમ્યુનિટી ડેવલપ થઈ હોવાનું તારણ કાઢી શકાય? મહેન્દ્રભાઈ ગજ્જરના જણાવ્યા અનુસાર સામાન્ય રીતે કોઈ પણ વાઈરલ બિમારીમાંથી સાજા થયેલા દર્દીના શરીરમાં માત્ર આજીજી પ્રકારના એન્ટીબોડી પેદા થાય છે પરંતુ કોરોના વાયરસ એક માત્ર એવી બિમારી છે જેમાં આજીજી સાથે આજીએમ નામના એન્ટીબોડી પેદા થાય છે. આ એન્ટી બોડી પેદા થયા છે કે નહી તે જાણવા માટે કેમ્યુલીમેશન અને એલાયઝા એમ બે બધ્ધતિનો ઉપયોગ થાય છે જેમાં કેમ્યુલીમેશન વધુ સચોટ ગણાય છે. તેમની બ્લડબેંકમાં દરેક રકતદાતાના ફરજિયાત આ રિપોર્ટ કરવાનું નક્કી કરવા પાછળનો ઉદ્દેશ એ છે કે એન્ટીબોડી ધરાવતા રકતના જો ઈન્ડેકસ-૭ સુધીના પ્લાઝમા પ્રાપ્ત થાય તો તેનો ઉપયોગ કોરોનાનો ગંભીર રીતે ભોગ બનેલા દર્દીની પ્લાઝમા થેરેપી સારવાર માટે કરી શકાય.

### એન્ટીબોડી પેદા થઈ ગયાં હોય તો રસીની શી જરૂર?

જે ૬૦ રકતદાતાઓ પૈકી ૩૫ રકતદાતાઓના લોહીમાં એન્ટીબોડી હોવાનું માલુમ પડયું છે અને તેમાં પણ ૩૪ રકતદાતાઓને તો કોરોના થઈને મટી ગયો તેની ખબર પણ પડી નથી તેથી કદાચ એવું પણ બને કે હર્ડ ઈમ્યુનિટી ડેવલોપ થઈ હોય. જે વ્યકિતના શરીરમાં એન્ટીબોડી પેદા થઈ ગયા હોય તેને કોરોના પ્રતિરોધક રસી લેવાની શી જરૂર? જો રસી આપતા પહેલાં દરેક નાગરિકનો એન્ટીબોડી ટેસ્ટ કરવામાં આવે તો આ આંકડા મુજબ અડધો અડધ જેટલાં નાગરિકોને રસી લેવાની જરૂર ના રહે અને રસીકરણની પ્રક્રિયા ખરેખર જેને જોખમ છે તેવા વધુને વધુ નાગરિકો સુધી પહોંચી શકે. જો કે જે કોરોના પોઝિટિવ દર્દીના શરીરમાં ૨૮ દિવસ પછી પણ એન્ટીબોડી પેદા થયા ના હોય તેને ફરી કોરોના થવાનું જોખમ રહે છે તેથી તેને રસીની જરૂર છે.